# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 22-12-2025 Day: Monday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## મતદાર યાદી-ખાસ સઘન સુધારણા ઝુંબેશ:

**ભારતના ચૂંટણી પંચની સૂચના મુજબ ગુજરાતમાં 'મતદાર યાદી ખાસ સઘન સુધારણા ઝુંબેશ' (SIR) હાથ ધરવામાં આવી છે.. ગત 19 ડિસેમ્બરના રોજ મુસદ્દા મતદાર યાદી પ્રસિદ્ધ થયા બાદ, માત્ર બે જ દિવસમાં એટલે કે 21 ડિસેમ્બર સુધીમાં, નવું નામ ઉમેરવા માટે રાજ્યભરમાંથી 66,232 નાગરિકોના ફોર્મ-6 પ્રાપ્ત થયા છે. જ્યારે નામ કમી કરવા માટે 9,966 લોકોએ ફોર્મ-7 ભર્યા છે.**

**નાગરિકો આગામી 18 જાન્યુઆરી, 2026 સુધી પોતાના વાંધા-દાવા રજૂ કરી શકશે. ચૂંટણી અધિકારીઓ દ્વારા આ ફોર્મ્સની સત્યતા ચકાસીને આખરી યાદી તૈયાર કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે.**

---------------------------------------------------------------------------------------------

## જિલ્લામાં રવિ પાકનું વાવેતર :

**જિલ્લામાં અત્યાર સુધી 1 લાખ 75 હજાર 631 હેક્ટર વિસ્તારમાં રવિ પાકનું વાવેતર કરવામાં આવ્યું છે. જેમાં સૌથી વધુ જીરાનું 56 હજાર 804 હેકટરમાં અને બીજા નંબરે રાઇનું 35 હજાર 53 હેકટરમાં વાવેતર કરાયું છે. ઘઉંનું 34 હજાર 861 અને ઘાસચારાનું 25 હાર 443 હેકટરમાં વાવેતર કરાયું છે. સૌથી ઓછું બટેકાનું 5 હેકટરમાં વાવેતર કરાયું છે.**

---------------------------------------------------------------------------------------------

## અબડાસા વિસ્તારમાં પંચાયતઘર-ગ્રાન્ટ મંજૂર:

ગુજરાત સરકારના પંચાયત વિભાગ દ્વારા અબડાસા વિધાનસભા વિસ્તાર માટે ₹2 કરોડ 50 લાખની ગ્રાન્ટ મંજૂર કરવામાં આવી છે. ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજાની રજૂઆતને પગલે નખત્રાણા તાલુકાના 8 અને અબડાસા તાલુકાના 2 મળી કુલ 10 ગામોમાં નવા પંચાયતઘરના નવનિર્માણને મંજૂરી મળી છે.

આ યોજના હેઠળ નાંગિયા, ભાચુંડા, ઉખેડા, ખીરસરા (રોહા), દેવપર (યક્ષ), ધાવડા મોટા, નાગલપર, મંગવાણા, રસલિયા અને ભિટારામાં પ્રત્યેક પંચાયતઘર દીઠ ₹25 લાખ ફાળવવામાં આવ્યા છે.

------------------------------------------------------------------------------------------------

## ગાંધીધામ મહાનગરપાલિકા-દબાણ હટાવ ઝુંબેશ:

ગાંધીધામ મહાનગરપાલિકા દ્વારા કમિશ્નર મનિષ્ ગુરવાનીના માર્ગદર્શન હેઠળ રાજવી ફાટકથી ભવાનીનગર ફાટક સુધી મેગા દબાણ હટાવો ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. આ કામગીરી દરમિયાન રોડની જમીન અને મુખ્ય પાણીની લાઈન પરના આશરે 70 જેટલા ગેરકાયદેસર દબાણો તોડી પાડવામાં આવ્યા હતા.

આ કામગીરીમાં મહાનગરપાલિકાના 3 જે.સી.બી., 4 ટ્રેક્ટર અને 15 કર્મચારીઓ જોડાયા હતા. આ દબાણોને કારણે પાણીની લાઈનમાં વારંવાર લીકેજ થતું અને ટ્રાફિકની ગંભીર સમસ્યા સર્જાતી હતી.

------------------------------------------------------------------------------------------------

## આરોગ્ય કેન્દ્ર લોકાર્પણ-વિરાણીયા:

મુંદરા તાલુકાના વિરાણિયા ગામે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ આરોગ્ય કેન્દ્રમાં ડો. સુમનબેન સમા અને ડો. વંદનાબેન આહીર દ્વારા આસપાસના ગ્રામ્ય વિસ્તારના લોકોને નજીકમાં જ સારવાર, નિદાન, આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ બનશે. અહીં

સામાન્ય રોગોની સારવાર, માતા-બાળ આરોગ્ય સેવાઓ, રસીકરણ, આરોગ્ય તપાસ તેમજ પ્રાથમિક લેબોરેટરી તપાસ જેવી સુવિધાઓ ઉપલબ્ધ થવાથી દર્દીઓને દૂર શહેરોમાં જવાની તકલીફમાંથી મુક્તિ મળશે.

---

## અકસ્માત:

ભચાઉ-સામખિયાળી નેશનલ હાઈવે પર ગત મધરાતે સર્જાયેલા ટ્રિપલ અકસ્માતમાં બે લોકોએ જીવ ગુમાવ્યા છે. ગાંધીધામનું શ્રીમાળી દંપતી કારમાં મોરબી જઈ રહ્યું હતું, ત્યારે ટ્રકે ટક્કર મારતા CNG કારમાં આગ ભભૂકી ઉઠી હતી. ફાયર બ્રિગેડે દંપતીને બચાવી લીધું હતું, પરંતુ તેમનો ૩ વર્ષનો પુત્ર કારમાં મૃત્યુ પામ્યો હતો.

આ અકસ્માત જોઈ બ્રેક મારનાર ટ્રક પાછળ લોખંડના પાઈપ ભરેલું ટ્રેલર અથડાતા તેના ડ્રાઈવરનું મોત નિપજ્યું હતું. ભચાઉ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

---

## હવામાન:

જિલ્લામાં 24 કલાક દરમિયાન વિવિધ મથકો પર તાપમાનનો પારો ગગડતા વહેલી સવારે ગુલાબી ઠંડીનો અનુભવ થયો હતો. હવામાન વિભાગના આંકડાઓ અનુસાર નલિયામાં 15.2 ડિગ્રી લઘુત્તમ તાપમાન નોંધાયું હતું. જ્યારે જિલ્લા મથક ભુજમાં 17.2 ડિગ્રી અને કંડલામાં 17.6 ડિગ્રી લઘુત્તમ તાપમાન નોંધાયું છે. ઉત્તર ભારતના પહાડી વિસ્તારો અને ખાસ કરીને કાશ્મીરમાં તાજેતરમાં થયેલી બરફવર્ષની અસર હવે ગુજરાતને થશે. હવામાન વિભાગની આગાહી અનુસાર આગામી એકે-બે દિવસમાં પહાડી વિસ્તારોમાંથી આવતા ઠંડા પવનોના કારણે કચ્છના લઘુત્તમ તાપમાનમાં હજુ પણ 2થી 3 ડિગ્રીનો ઘટાડો થઇ શકે છે.

---

# હોમગાર્ડ અને નાગરિક સંરક્ષણ દળ-જિલ્લાકક્ષાનો રમોત્સવ:

**પૂર્વ કચ્છમાં હોમગાર્ડ અને નાગરિક સંરક્ષણ દળના સ્થાપના દિવસ નિમિત્તે વિવિધ કાર્યક્રમો યોજાયા હતા. DGP પિયુષ પટેલ, SP સાગર બાગમાર અને જિલ્લા કમાન્ડન્ટ ભુમિત વાઢેરના માર્ગદર્શન હેઠળ ગાંધીધામ ખાતે જિલ્લાકક્ષાનો રમોત્સવ યોજાયો હતો, જેમાં ગાંધીધામ, ભચાઉ, રાપર, અંજાર અને આદિપુર યુનિટના જવાનો જોડાયા હતા.**

**આ ઉજવણી અંતર્ગત ગાંધીધામમાં પ્રભાતફેરી, બાઈક રેલી અને પ્રતિમાઓની સફાઈ કરી પુષ્પાંજલિ અર્પણ કરાઈ હતી. રાપર યુનિટ દ્વારા રક્તદાન કેમ્પ, વૃક્ષારોપણ અને આશ્રમના બાળકોને ભોજન કરાવાયું હતું. ભચાઉ અને અંજાર યુનિટ દ્વારા સ્વચ્છતા અભિયાન અને જીવદયાના કાર્યો કરવામાં આવ્યા હતા.**

---